# મન હોય તો માળવે જવાય




ગુજરાતી ખાલી ધંધા કે વ્યવસાયમાંજ નહીં પરંતુ દરેક ક્ષેત્રે આગળ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ના શબ્દો...."દોડે અમદાવાદ તો દોડે ગુજરાત અને દોડે ગુજરાત તો દોડે ભારત. ૨૦૧૦ માં જયારે તેઓ મુખ્યમંત્રી હતા તે વખતની મેરેથોન અમદાવાદમાં તેઓના શબ્દો હતા.

૨૦૧૦ માં પહેલીવાર શ્રી નીલેશ નવીનભાઈ શાહ અમદાવાદમાં અડધી મેરેથોન (૨૧.૨ KM) દોડેલા હતા, ત્યારે તેઓની ઉંમર ૪૬ વર્ષની હતી. અમદાવાદમાં Dec - Jan મહિનામાં યોજાતી મેરેથોન અને સાયકલોથોનમાં ભાગ લઇ રહ્યા છે. લગભગ ૬ (Half Marathon) કે જે ૨૧.૨ km અને ૧ Full Marathon (42.1 km ) અને 4 Half cyclotron (50 . 1 km ) & 1 full cyclotron (101 km) સુંદર સમયમાં સંપૂર્ણ કરેલી છે.

૨૦૧૨ Dec - 2013 Jan માં પિતા-પુત્ર (નીલેશ નવીનભાઈ શાહ) & (નંદીશ નીલેશ શાહ) સાથે દોડવાનું & સાયકલ ચલાવવાનું ચાલુ કર્યું. Dynamic DuO (પિતા-પુત્ર) એ ઘણી Event માં સાથે ભાગ લીધો. April 2014 માં અમદાવાદમાં પ્રથમ વાર " SUPER SPRINT TRIATHLON " યોજાઈ & સાથે ભાગ લીધો. ટ્રાયેથલોન મતલબ કે 3 વસ્તુ ( પહેલા Swimming પછી સાયકલ અને પછી તરત દોડવુ) સાથે કરવી. સુપર સ્પીરીન્ટ ટ્રાયેથલોન લગભગ ૪૦ મિનીટ માં પતાવી. ત્યારેજ પિતા-પુત્ર ( Dynamic Duo ) એ નક્કી કર્યુ કે ૨૦૧૫ માં OLYMPICS SIZE TRIATHLON સાથે કરવી. Olympics Size Triathlon અમદાવાદમાં થતી નથી માટે અમેરિકામાં કરવી.

લગભગ 18 મહિનાની કપરી તૈયારી પછી પિતા-પુત્ર (નીલેશ અને નંદીશ) અમેરિકામાં ન્યુ જર્સી ખાતે Mercer County માં યોજાયેલી NEW JERSEY STATE OLYMPICS SIZE TRIATHLON માં JULY 19th 2015 માં ભાગ લીધો અને સુંદર સમય સાથે સંપૂર્ણ કરી ઓલમ્પીક ટ્રાયેથલોન 3 ભાગ કે જે ૧.૫ km swim (ખુલ્લા તળાવમાં) + ૪૭ km સાયકલ + ૧૧.૫૨ km દોડવાનુ હોય છે. આ મોટી event શ્રી નીલેશભાઈએ 3 કલાક ૩૫ મીનીટ માં અને શ્રી નંદીશભાઈએ ૪ કલાક ૦૫ મીનીટ માં વચ્ચે જરાય આરામ કર્યા વગર પતાવી જે ધન્ય છે.

શ્રી નીલેશભાઈના કહેવા મુજબ ભગવાનની દયા+વડીલોના આશીર્વાદ+મિત્રો અને સ્નેહીના Wishes ઉપરાંત કપરી મહેનત પછી સફળતા મળે છે. નીલેશભાઈ અમદાવાદમાં Nichetech Computer solutions કંપનીના માલીક અને CEO છે. જયારે નંદીશ નિરમામાં 4 થા વર્ષમાં B .E in IT કરી રહયા છે.

DYNAMIC DUO (બાપ-બેટા) નું માનવું છે કે આજની "Social Internet Media" જીંદગીમાં રમતગમત નું મહત્વ ઘટતુ જાય છે જે લાંભા ગાળે હાનિકારક છે. રમતગમત રમવાથી દરેક મીનીટની કિંમત સમજાય-Team Building ની ભાવના અને તમારૂ જીવન ઘણું નિયમિત બને છે. તેના સચોટ ઉદાહરણ રૂપે ૫૧ વર્ષના નીલેશભાઈ અને ૨૦ વર્ષના નંદીશ સાથે ભાગ લીધો હતો. કદાચ ઇતિહાસમાં ગુજરાતમાં વસેલા ગુજરાતી બાપ-બેટાએ સાથે Olympics Size Triathlon માં ભાગ લઇ સફળતાથી સંપૂર્ણ કરવા વાળા નીલેશભાઈ અને નંદીશ એકલા હશે. તેઓને ગુજરાતી હોવાનું અને ગુજરાતી થઈને આવી Event માં સફળ થવાનો ગર્વ છે. દુનિયામાં વસતા દરેક ગુજરાતી માટે આ ગર્વની વાત છે. આપણા સૌ વતી તેઓને અભિનંદન અને ભવિષ્યમાં આવાજ વીરલા પેદા થાય તે પ્રાર્થના સહિત.

**જય જય ગરવી ગુજરાત**